MARYLAND STATE DEPARTMENT OF
EDUCATION
Achievement Matters Most

# ટ્રાન્ઝિશન આયોજન માર્ગદર્શિકા

## અક્ષમઅક્ષમતાઅક્ષમતા ધરાવતા બાળકોને સ્કૂલમાંથી યોગ્ય પોસ્ટસેકન્ડરી પરિણામો તરફ અભિમુખ થવા તૈયાર કરવા




Maryland State Department of Education, Division of Special Education/Early Intervention Services • JANUARY 2010

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન રોજગારને અસર કરતા મુદ્દામાં અથવા કાર્યક્રમોને પહોંચ પૂરી પાડવામાં જાતિ, લિંગ, વય, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, અક્ષમતા અથવા જાતીય અભિમુખતાને આધારે ભેદભાવ કરતા નથી. વિભાગની નીતિના સંબંધમાં પૂછપરછ માટે, સંપર્ક કરો, Equity Assurance and Compliance Branch, Office of the Deputy State Superintendent for Administration, Maryland State Department of Education, 200 West Baltimore Street, 6th Floor, Baltimore, Maryland 21201-2595, ફોન: 410-767-0433, ફેક્સ: 410-767-0431, ટીટીવાય/ટીડીડી: 410-333-6442, www.MarylandPublicSchools.org

આ દસ્તાવેજા યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ઓફિસ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન એન્ડ રિહેબીલીટેટીવ સર્વિસીઝના ફંડ દ્વારા *પાર્ટ બી અનુદાન-# એચ027એ090035*, ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસએબિલીટી એક્ટ (IDEA) દ્વારા મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન (MSDE), ડિવીઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ દ્વારા તૈયાર અને ઉત્પાદિત કરવામાં આવ્યું હતુ. અહીં રજૂ કરવામાં આવેલ વિચારો, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અથવા અન્ય કોઇ ફેડરલ એજન્સી અથવા કાર્યકમોની વિચારોને પ્રદર્શિત કરે તે જરૂરી નથી. MSDE, ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ, ઓફિસ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન પ્રોગ્રામ્સ, ઓફિસ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન એન્ડ રિહેબીલીટેટીવ સર્વિસીઝ, યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન તરફથી ફંડ મેળવે છે.

આ દસ્તાવેજ કોપીરાઇટ મુક્ત છે. વાંચકોને આ માહિતીની નકલ કરવા અને તેને વહેંચવા પ્રોત્સાહિત કરવામાં આવે છે, પરંતુ MSDE, ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝનો ઋણસ્વીકાર કરવા વિનંતી.

*James H. DeGraffenreidt, Jr.*
*President*
સ્ટેટ બોર્ડ ઓફ એજ્યુકેશન

*Nancy S. Grasmick*
સ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્કૂલ્સ

*Carol Ann Heath*
આસિસ્ટન્ટ સ્ટેટ સુપ્રિન્ટેન્ડેન્ટ
ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ

*Martin O'Malley*
ગવર્નર

# ટ્રાન્ઝિશન આયોજન માર્ગદર્શિકા: અક્ષમતા ધરાવતા બાળકોને સ્કૂલમાંથી યોગ્ય પોસ્ટસેકન્ડરી પરિણામો તરફ અભિમુખ થવા તૈયાર કરવા

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
ડિવિઝન ઓફ સ્પેશિયલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીઝ
જાન્યુઆરી 2010

# અનુક્રમણિકા

ટ્રાન્ઝિશન આયોજન હોમ ફાઇલ માટે માહિતી ..... i
ટ્રાન્ઝિશન વિહંગાવલોકન ..... 1
ધી ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલીટીઝ એજ્યુકેશન એક્ટ 2004 (IDEA) ..... 2
ટ્રાન્ઝિશન આયોજન ..... 3
ગ્રેજ્યુએશન ..... 3
મેરીલેન્ડ એગ્ઝિટ ડૉક્યુમેન્ટ ..... 4
હક વિરુદ્ધ પાત્રતા ..... 5
મેરીલેન્ડ પુખ્ત સેવા એજન્સીઓ ..... 5
1. મેરીલેન્ડ ડેવલપમેન્ટલ ડિસેબિલીટીઝ એડમિનિસ્ટ્રેશન (DDA) ..... 6
2. ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસીઝ (DORS) ..... 10
3. DHMH મેન્ટલ હાઇજીન એડમિનીસ્ટ્રેશન ..... 12
4. ડિવિઝન ઑફ વર્કફોર્સ ડેવેલપમેન્ટ એન્ડ એડલ્ટ એજ્યુકેશન ..... 19
ટ્રાન્ઝિશન આયોજનમાં માતા-પિતાની ભૂમિકા ..... 22
ટ્રાન્ઝિશન આયોજનમાં વિદ્યાર્થીની ભૂમિકા ..... 23
ટ્રાન્ઝિશન પ્રક્રિયાઃ એજન્સી જોડાણો ..... 25

# ટ્રાન્ઝિશન આયોજન હોમ ફાઇલ માટે માહિતી

સ્કૂલમાંથી નિકળવાની અપેક્ષિત તારીખ:________________________________________

મારું બાળક બહાર નીકળશે આ સાથે: મેરીલેન્ડ હાઇસ્કૂલ ડિપ્લોમા

_______ મેરીલેન્ડ હાઇસ્કૂલ સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન

મારું બાળક પૂર્ણ કરશે: __________________________________________________
*(અભ્યાસક્રમ)*

મારા બાળકને તેના અથવા તેણીના અકેડેમિક એન્ડ કેરિયર પ્લાનની નકલ મળશે:_________
*(તારીખ)*

મારા બાળકને તેની અથવા તેણીનું એગ્ઝિટ ડૉક્યુમેન્ટ મળશે: __________________
*(તારીખ)*

મારા બાળકના **ટ્રાન્ઝિશન આયોજન હોમ ફાઇલ**માં મૂકવાની વસ્તુઓ:

- સૌથી તાજેતરનો IEP ________
- સૌથી તાજેતરનું માનસિક મૂલ્યાંકન_______
- સૌથી તાજેતરનું શૈક્ષણિક મૂલ્યાંકન________
- પે સ્ટબ (પ્રત્યેક નિયોક્તા તરફથી)_______
- કોઇપણ પુરસ્કારની યાદી*_______
- અભિનંદનના કોઇપણ પત્રોની નકલ* ________
- પ્રશંસા પ્રમાણપત્રોની નકલ* ________

*આ વસ્તુઓ શાળા સાથે સંબંધિત હોય તે જરૂરી નથી.

# ટ્રાન્ઝિશન વિહંગાવલોકન
## *પુખ્તો તરીકે આપણે શું કરવાનું રહેશે? આપણે ત્યાં સુધી કેવી રીતે પહોંચીશું?*

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન ***ટ્રાન્ઝિશન આયોજન માર્ગદર્શિકા*** તમારા અક્ષમતા ધરાવતા બાળકની શાળામાંથી યોગ્ય પોસ્ટસેકન્ડરી પરિણામોમાં ફેરબદલ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને જીવનના આગામી તબક્કા પર આગળ વધવાની તૈયારીમાં સહાય કરે છે. દરેક બાળકના લક્ષ્યો અને પરિણામો સરખા હોતા નથી. બધા વિદ્યાર્થીઓનું ભવિષ્યમાં રોજગાર માટે લક્ષ્ય હોવું જોઇએ ભલે તે પૂર્ણસમયનું કે ખંડ સમયનો હોય અથવા એવો રોજગાર હોય જેમાં સફળ થવા માટે મદદની જરૂર હોય। બધા વિદ્યાર્થીઓનું પોસ્ટસેકન્ડરી શિક્ષણ અથવા તાલીમ માટે લક્ષ્ય અથવા પરિણામ હોવું જોઇએ જે તેમને તેમના રોજગાર લક્ષ્ય સુધી પહોંચવા જરૂરી હોય. તમારા બાળકનું ખાસ આત્મનિર્ભર જીવન જીવવાનું લક્ષ્ય હોઇ શકે છે.

ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલીટી એજ્યુકેશન એક્ટ (IDEA) દર્શાવે છે કે કાયદાનો હેતુ અક્ષમતા ધરાવતા તમામ બાળકોને તેમની વિશિષ્ટ જરૂરીયાતોની પૂર્તિ કરવા માટે અને તેમને રોજગાર અને આત્મનિર્ભર જીવિકા માટે તૈયાર કરે તેવા ખાસ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પર ભાર મૂકે તેવા યોગ્ય મફત સાર્વજનિક શિક્ષણ ઉપલબ્ધ કરાવવાની ખાતરી કરાવવાનો છે." 2004માં IDEAના પુન:અધિકૃતિકરણમાં બાળકો માટે ટ્રાન્ઝિશન ના આયોજન અને પોસ્ટસેકન્ડરી પરિણામો માટે ખૂબ ચોક્કસ ભાષાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીને તેના અથવા તેણીના લક્ષ્યો અને પરિણામોની પૂર્તિ તરફ આગળ વધવામાં સહાય કરવા માટે વિદ્યાર્થી, શિક્ષણવિદો, માતાપિતા અને સામુદાયિક સેવા સેવા પૂરી પાડનારાઓની સાથે મળીને કામ કરવાની જરૂરીયાત પર કાયદો ભાર મૂકે છે. આ માર્ગદર્શિકાનો હેતુ માતાપિતા, વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને સામુદાયિક સેવા સેવા પૂરી પાડનારાઓ માટે સૂચિત ભાગીદારીનો નિર્માણ કરવામાં મદદ કરવાનો છે. આ માર્ગદર્શિકા માતાપિતાને આયોજન પ્રક્રિયામાં જરૂરી માહિતી પણ પૂરી પાડશે.

ટ્રાન્ઝિશન આયોજન પ્રક્રિયા માટે **જાણપૂર્વકની ભાગીદારીઓ** નિર્માણ કરવા માટે આ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. શાળામાંથી યોગ્ય પુખ્ત પ્રવૃત્તિઓમાં સ્થાનાંતરણ માટે વિદ્યાર્થી, પરિવાર, શાળાના સ્ટાફ, અને સામુદાયિક એજન્સીઓનો સહકાર જરૂરી છે.

આ માર્ગદર્શિકા નીચેના મુદ્દાઓ વિશે માહિતી પૂરી પાડશે.

- ટ્રાન્ઝિશન આયોજન માટે ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલીટી એજ્યુકેશન એક્ટ (IDEA) 2004 જરૂરીયાતો
- ટ્રાન્ઝિશન આયોજન
- મેરીલેન્ડ સ્કૂલ ડિપ્લોમા અને મેરીલેન્ડ હાઇસ્કૂલ સર્ટિફિકેટ ઓફ કમ્પ્લીશન
- મેરીલેન્ડ એગ્ઝિટ ડૉક્યુમેન્ટ

- હક વિરુદ્ધ પાત્રતા
- એજન્સી સેવાઓ
    1. ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસીઝ (DORS)
    2. ડેવલપમેન્ટલ ડિસેબિલીટીઝ એડમિનિસ્ટ્રેશન (DDA)
    3. મેન્ટલ હાઇજીન એડમિનિસ્ટ્રેશન (MHA)
    4. ડિપાર્ટમેન્ટ ઓફ લેબર, લાઇસન્સીંગ એન્ડ રેગ્યુલેશન-ડિવિઝન ઓફ વર્કફોર્સ ડેવૅલપમેન્ટ એન્ડ એડલ્ટ લર્નિંગ
- પોસ્ટસેકન્ડરી શૈક્ષણિક અક્ષમતા સહાય સેવાઓ વિશે માહિતી
- ટ્રાન્ઝિશન આયોજનમાં વિદ્યાર્થીની ભૂમિકા
- ટ્રાન્ઝિશન આયોજનમાં માતાપિતાની ભૂમિકા
- ટ્રાન્ઝિશન જોડાણ

# ધી ઇન્ડિવિજ્યુઅલ્સ વિથ ડિસેબિલીટીઝ એજ્યુકેશન એક્ટ 2004 (IDEA)

IDEA 2004 ટ્રાન્ઝિશનને "શાળામાંથી પોસ્ટસેકન્ડરી પ્રવૃત્તિઓમાં બાળકના સ્થાનાંતરણને સુવિધાજનક બનાવવા માટે અક્ષમતા ધરાવતા બાળકોના શૈક્ષણિક અને કાર્યકારી સિદ્ધિઓને સુધારવા પર કેન્દ્રિત પરિણામ-લક્ષી પ્રક્રિયા અંતર્ગત તૈયાર કરાયેલ પ્રક્રિયા" તરીકે વ્યાખ્યાયિત કરે છે." IDEA 2004ના ઓગસ્ટ 14, 2006ના રોજ પ્રકાશિત થયેલ નિયમો ટ્રાન્ઝિશન સેવાઓના હેતુને "વિદ્યાર્થીઓની વિશિષ્ટ જરૂરીયાતોની પૂર્તિ માટે તૈયાર કરાયેલ તેમને ભાવિ શિક્ષણ, રોજગાર અને સ્વતંત્ર જીવિકા માટે તૈયાર કરવા માટે તૈયાર કરાયેલ સેવા" તરીકે સ્પષ્ટ કરે છે."

ટ્રાન્ઝિશન સેવાઓને તે ઉપરાંત અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે એવી સંકલિત પ્રવૃત્તિઓના સેટ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે:

- પોસ્ટસેકન્ડરી શિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ; સંકલિત રોજગાર; ચાલુ અને પુખ્ત શિક્ષણ; પુખ્ત સેવાઓ; આત્મનિર્ભર જીવિકા અથવા સામુદાયિક સહભાગિતા સહિત શાળામાંથી શાળા બાદની પ્રવૃત્તિઓ તરફ બાળકના ટ્રાન્ઝિશનને સુવિધાજનક બનાવવા માટે અક્ષમતા ધરાવતા બાળકના શૈક્ષણિક અને કાર્યકારી સિદ્ધિઓને વધુ સારી બનાવવા પર કેન્દ્રિત, પરિણામ-લક્ષી પ્રક્રિયા અંતર્ગત તૈયાર કરવામાં આવી છે;
- બાળકની શક્તિ, પસંદગી, રસને ધ્યાનમાં લેતા દરેક બાળકની અંગત જરૂરીયાતો પર આધારિત છે; અને

- શિક્ષણ, સંબંધિત સેવાઓ, સામુદાયિક અનુભવો, રોજગાર અને અન્ય શાળા-બાદ પુખ્ત જીવિકા વિકલ્પોના વિકાસનો અને યોગ્ય લાગે ત્યારે દૈનિક જીવિકા કૌશલ્યોની પ્રાપ્તિ અને કાર્યકારી વ્યાવસાયિક મૂલ્યાંકનને સામેલ કરે છે.

મેરીલેન્ડમાં ટ્રાન્ઝિશન આયોજન અને ટ્રાન્ઝિશન સેવાઓની ડિલીવરી એ શાળાકીય વર્ષ દરમ્યાન શરૂ થાય છે જેમાં બાળક 14 વર્ષની વયે પહોંચે છે.

# ટ્રાન્ઝિશન આયોજન

ટ્રાન્ઝિશન આયોજનનું ધ્યેય અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓને શાળામાં તેઓ આગળ વધે અને પુખ્ત વિશ્વમાં જીવન માટે તૈયારી કરે તેમ એવું કરવામાં મદદ કરવાનો છે. પુખ્ત પ્રવૃત્તિઓ નીચેનામાંથી કોઇનું પણ સંયોજન હોઇ શકે છે:

- રોજગાર
- પોસ્ટસેકન્ડરી શિક્ષણ
- રોજગાર તાલીમ
- આત્મનિર્ભર જીવિકા
- સામુદાયિક સહભાગિતા
- પુખ્ત સેવાઓ

વિદ્યાર્થીઓના ભાવિ માટે ટ્રાન્ઝિશન આયોજન એલિમેન્ટરી શાળામાં કારકિર્દી પરત્વે જાગૃતિ અને શોધ પ્રવૃત્તિઓ દરમ્યાન શરૂ થાય છે. બાળકમાં કારકિર્દી પરત્વે જાગૃતિમાં પરિવારની મહત્વપૂર્ણ ભૂમિકા છે. દરરોજ, માતાપિતા વ્યક્તિગત અનુભવ તેમને જણાવી શકે છે અને પરિવારના સભ્યો અને પાડોશીઓના રોજગાર વિશે જાણવામાં બાળકોને મદદ કરી શકે છે. 14 વર્ષ કે તેથી વધુની વયના વિદ્યાર્થીઓ માટે ઇન્ડિવિજ્યુઅલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP)ના વિકાસમાં ટ્રાન્ઝિશન આયોજન પ્રથમ પગલું છે. તે વિદ્યાર્થી શાળાના સ્ટાફના કોઇ સભ્યને પોતાની રુચિ અને પસંદગીઓ વિશે જણાવે તેની સાથે શરૂ થાય છે અને ત્યાંથી:

1. વિદ્યાર્થી અને શાળાનો સ્ટાફ રોજગાર, પોસ્ટસેકન્ડરી શિક્ષણ અથવા રોજગાર તાલીમમાં અને જો યોગ્ય લાગે તો, આત્મનિર્ભર જીવિકામાં પોસ્ટસેકન્ડરી પરિણામો સ્થાપિત કરે છે. આ પોસ્ટસેકન્ડરી પરિણામો વય-અનૂકૂળ ટ્રાન્ઝિશન મૂલ્યાંકનોના પરિણામો પર આધારિત છે.

2. શાળાનો સ્ટાફ ત્યારબાદ વિદ્યાર્થીને તેના/તેણીના પરિણામ તરફ વ્યાજબી રીતે આગળ ધપાવવા માટે આવનારા શાળાકીય વર્ષ દરમ્યાન અભ્યાસક્રમ અને વાર્ષિક લક્ષ્યાંકો સહિત જે સેવાઓ જરૂરી છે તેનો એક ઉંધો નકશો (પરિણામથી પદ્ધતિ તરફનો માર્ગ દર્શાવતો) તૈયાર કરશે (આ તમામ માહિતી IEPમાં સમાવિષ્ટ છે).

3. બાળકમાં એજ રુચિઓ અને પરિણામો છે તેની ખાતરી કરવા માટે આ પ્રક્રિયાનું વાર્ષિક ધોરણે પુનરાવર્તન કરવામાં આવે છે. વિદ્યાર્થી તેના/તેણીના નિર્ધારિત પરિણામ તરફ આગળ વધવાનું ચાલુ રાખે છે તે સુનિશ્ચિત કરવા માટે IEPમાં કોઇપણ ફેરફાર કરવામાં આવશે.

# ગ્રેજ્યુએશન

**મેરીલેન્ડ હાઇસ્કૂલ ડિપ્લોમા** મેળવવા માટેની પાત્રતા માટે બધા જ વિદ્યાર્થીઓએ કમ સે કમ 21 ક્રેડિટ મેળવવી જરૂરી છે. જરૂરી અભ્યાસક્રમ ક્રેડિટ ઉપરાંત, બધા વિદ્યાર્થીઓ માટે પંચોતેર (75) કલાકની વિદ્યાર્થી સેવા પૂરી કરવી અથવા વિદ્યાર્થી સેવાઓમાં સ્થાનિક સ્તરે તૈયાર કરાયેલ

કાર્યક્રમ પૂર્ણ કરવો જરૂરી છે. સ્થાનિક શાળા સિસ્ટમો રાજ્ય દ્વારા નક્કી કરેલ લઘુતમ ઉપરાંત સ્થાનિક રીતે સ્થાપિત જરૂરીયાતોની પૂર્તિ માટે વિદ્યાર્થીઓ માટે વળતર તરીકે ડિપ્લોમા માટે અતિરિક્ત ક્રેડિટ જરૂરીયાતો સ્થાપિત કરી શકે છે અથવા તેમાં એન્ડોર્સમેન્ટ ઉમેરી શકે છે. હાઇસ્કૂલ અભ્યાસક્રમ ક્રેડિટ સાથે કોર લર્નિંગ ગોલ્સના જોડાણથી પ્રત્યેક વિદ્યાર્થી માટે હાઇસ્કૂલ એસેસમેન્ટ (HSA) ટેસ્ટ માટે તૈયાર કરાયેલ અભ્યાસક્રમો લેવા જરૂરી છે. વર્ષ દરમ્યાન વિદ્યાર્થીને ક્રેડિટ માટે જે અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવે, તેમાં વિદ્યાર્થીએ સંબંધિત HSA લેવું જરૂરી છે.

અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ જે હાઇસ્કૂલ ડિપ્લોમા માટે જરૂરીયાતો પૂરી નથી કરી શકતા તેઓ નીચેનામાંથી એક માપદંડ પૂરો કરે તો તેમને **મેરીલેન્ડ હાઇસ્કૂલ સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન** આપી શકાય છે:

- વર્ગ 8 અથવા તેને સમકક્ષ વય પછી ઓછામાં ઓછા ચાર (4) વર્ષ માટે વિદ્યાર્થી શૈક્ષણિક કાર્યક્રમમાં જોડાયેલ હોય અને કામના વિશ્વમાં દાખલ થવા માટે, નાગરિક તરીકે જવાબદારીપૂર્વક વર્તન કરવા માટે, ને સંપૂર્ણ જીવનનો આનંદ ઉઠાવવા માટે વિદ્યાર્થીએ યોગ્ય કૌશલ્યો વિકસાવ્યા છે, તેવું બાળકના માતાપિતાની સંમતિ સાથે IEP ટીમ દ્વારા નક્કી થયું હોય.

- વર્ગ 8 અથવા તેને સમકક્ષ વય પછી ચાર (4) વર્ષ માટે વિદ્યાર્થી શૈક્ષણિક કાર્યક્રમમાં દાખલ થયેલ હોય અને વિદ્યાર્થીના વર્તમાન શાળા વર્ષના અંતે 21 વર્ષની વયે પહોંચનાર હોય.

# મેરીલેન્ડ એગ્ઝિટ ડૉક્યુમેન્ટ

મેરીલેન્ડ એગ્ઝિટ ડૉક્યુમેન્ટ IEP સાથે ગ્રેજ્યુએટ થઇ રહેલ વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે જે તેઓ શાળામાંથી પોસ્ટસેકન્ડરી પ્રવૃત્તિઓમાં ટ્રાન્ઝિશન વખતે ઉપયોગમાં લઇ શકે છે. આ પ્રવૃત્તિઓમાં રોજગાર, પોસ્ટસેકન્ડરી શિક્ષણ, સહાયવાળો રોજગાર, અથવા સામુદાયિક સેવા એજન્સીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી આત્મનિર્ભર જીવિકાનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓને આ દસ્તાવેજ મેરીલેન્ડ હાઇસ્કૂલ ડિપ્લોમા અથવા મેરીલેન્ડ હાઇસ્કૂલ સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન સાથે આપવામાં આવે છે.

અક્ષમતા ધરાવતા યુવાનોએ તે પોસ્ટસેકન્ડરી શિક્ષણ, રોજગાર અથવા સ્વતંત્ર જીવિકા સેવા જેમાં હોય તેમાં સહાય અથવા વ્યાજબી અનુકૂલન માટે અરજી **કરવી જ** જોઇએ. દસ્તાવેજમાં સામેલ કરવામાં આવેલ માહિતી અરજી પ્રક્રિયામાં તેમને માટે ખૂબ ઉપયોગી છે. વેબ-આધારિત કાર્યક્રમનો ઉપયોગ કરીને દસ્તાવેજ આપવામાં આવે છે. આ દસ્તાવેજ સ્કૂલ સ્ટાફના સભ્ય અને વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીના પરિવારના સૂચનો સાથે તૈયાર કરવામાં આવે છે.

દસ્તાવેજ માટેની માહિતી વિદ્યાર્થીની IEP ટીમની બેઠકો વખતે એકત્રિત કરાવી જોઇએ જ્યાં ટ્રાન્ઝિશન આયોજન હાથ ધરાય છે. દસ્તાવેજ ટ્રાન્ઝિશન આયોજનની રૂપરેખા તરીકે ગણી શકાય છે. દસ્તાવેજ સંભવિત નિયોક્તા, પોસ્ટસેકન્ડરી શૈક્ષણિક સંસ્થાઓ, અને પુખ્ત સેવા સેવા પૂરી પાડનારાઓને યુવાનના કૌશલ્યો, ક્ષમતાઓ અને તેમને સફળ થવા માટે જરૂરી હોઇ શકે તેવી કોઇપણ સહાય વિશે અર્થપૂર્ણ માહિતી આપે છે.

મેરીલેન્ડ એગ્ઝિટ ડૉક્યુમેન્ટમાં દસ વિભાગ છે. નીચે દર્શાવેલ પ્રત્યેક વિભાગ યુવાન વિશે વર્ણન અને નિયત માહિતી ધરાવે છે.

- વસ્તી સબંધી માહિતી
- અભ્યાસક્રમ
- શૈક્ષણિક અનુકૂલનો/સહાય
- રોજગાર પસંદગીઓ
- વ્યક્તિગત લાક્ષણિક્તાઓ
- વ્યક્તિગત રુચિઓ
- રોજગાર અનુકૂલનો/સહાય
- મૂળભૂત કૌશલ્ય ગુણાંક
- કાર્ય ઇતિહાસ
- સંદર્ભો

# હક વિરુદ્ધ પાત્રતા

**પાત્રતા**ને આધારે પુખ્ત સેવાઓ મેળવવા અને જાહેર શિક્ષણ મેળવવાના **હક** વચ્ચેનો તફાવત ખૂબ મૂંઝવણભર્યો હોઇ શકે છે. મેરીલેન્ડમાં, વિશિષ્ટ શૈક્ષણિક સેવાઓ મેળવતો અક્ષમ વિદ્યાર્થી તે 21 વર્ષનો થાય (IDEA, 2004) તે શાળાકીય વર્ષ સુધી અથવા મેરીલેન્ડ હાઇસ્કૂલ ડિપ્લોમા અથવા મેરીલેન્ડ હાઇસ્કૂલ સર્ટિફિકેટ ઑફ પ્રોગ્રામ કમ્પ્લીશન માટેની જરુરીયાતો પૂરી કરી હોય તે શાળાકીય વર્ષ સુધી મફત યોગ્ય જાહેર શિક્ષણનો **હક** ધરાવે છે. એક વખત વિદ્યાર્થી શાળા છોડી દે તે પછી, તેને કે તેણીએ પુખ્ત સેવા એજન્સીઓ તરફથી સેવાઓ પ્રાપ્ત કરવા માટે **પાત્રતા માપદંડ** પૂરો કરવો અને ફંડની ઉપલબ્ધતા હોવી આવશ્યક છે.

# મેરીલેન્ડ પુખ્ત સેવા એજન્સીઓ

નીચેનો વિભાગ એવી એજન્સીઓનું વર્ણન કરે છે જો તમારું બાળક શાળા છોડે તે પછી સેવાઓ પૂરો પાડે છે અથવા ખરીદે છે. તમારા બાળકને મહત્તમ હદ સુધી આત્મનિર્ભર બનવામાં સહાય કરી શકે તેવી સેવાઓ પૂરી પાડતી અથવા ખરીદતી ચાર રાજ્ય એજન્સીઓ છે. આમાંની કોઇ પણ એજન્સીઓમાંથી સેવા માટે પાત્રતા મેળવવા માટે તમારા બાળકે ચોક્કસ માપદંડો પૂરા કરવા આવશ્યક છે. એજન્સીના વર્ણનમાં તેના નિયત **પાત્રતા માપદંડો** સમજાવવામાં આવ્યા છે. આ ચાર એજન્સીઓ છે:

1. મેરીલેન્ડ ડેવલપમેન્ટલ ડિસેબિલીટીઝ એડમિનિસ્ટ્રેશન
2. ડિવિઝન ઓફ રિહેબીલિટેશન સર્વિસીઝ/મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
3. મેન્ટલ હાઇજીન એડમિનિસ્ટ્રેશન/ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ મેન્ટલ હાઇજીન
4. ઓફિસ ઓફ વર્કફોર્સ ડેવૅલપમેન્ટ એન્ડ એડલ્ટ લર્નિંગ/મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ લેબલ લાઇસન્સિંગ એન્ડ રેગ્યુલેશન.

આ વિભાગ પોસ્ટસેકન્ડરી અક્ષમતા સહાય સેવાઓનું વર્ણન કરે છે, જે માટે તમારું બાળક યુનિવર્સિટીઓ, કોલેજો, સામુદાયિક કોલેજો, અથવા કેરિયર સ્કૂલ્સ સહિત પોસ્ટસેકન્ડરી શાળાઓમાં તેનો/તેણીનો અભ્યાસ ચાલુ રાખે ત્યારે અરજી કરી શકે છે.

## *1. મેરીલેન્ડ ડેવૅલપમેન્ટલ ડિસેબિલીટીઝ એડમિનિસ્ટ્રેશન (DDA)*

મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ મેન્ટલ હાઇજીનના છત્ર હેઠળ, ડેવલપમેન્ટલ ડિસેબિલીટીઝ એડમિનિસ્ટ્રેશન(DDA) સંકલિત સેવા ડિલીવરી સિસ્ટમ પૂરી પાડે છે જેથી વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ સમુદાયમાં સામેલગીરીના ધ્યેય લક્ષિત યોગ્ય સેવાઓ મેળવી શકે. આ સેવાઓ સમુદાય-આધારિત સેવાઓની વિશાળ શ્રેણી દ્વારા પ્રાથમિક ધોરણે નોન-પ્રોફિટ સેવા પૂરી પાડનારાઓના નેટવર્ક દ્વારા પૂરી પાડવામાં આવે છે.

પરિવાર, સેવા પૂરી પાડનારાઓ, સ્થાનિક અને રાજ્ય એજન્સીઓ સાથે હિસ્સેદારીના નિર્માણ અને વિશ્વાસ સ્થાપિત કરવામાં DDA નેતૃત્વની ભૂમિકા ભજવે છે અને સામાન્ય જનતાને ઉપલબ્ધ સ્ત્રોતો સહિત, સંવર્ધિત વૃદ્ધિ માટે જરૂરી સ્ત્રોતોની વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવાર માટે ઉપલબ્ધતાની ખાતરીની ભલામણ કરે છે. વ્યક્તિઓના હકો અને સન્માનમાં અમારા મૂળભૂત વિશ્વાસના કારણે અમે સમર્પિત છીએ:

- વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારો માટે તેમની જરૂરીયાતોની પૂર્તિ કરે તેવી સેવાઓ અને સહાયની પસંદગી માટે સશક્તિકરણ.
- હિસ્સેદારીના સંવર્ધન માટે વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓની સામુદાયિક જીવનમાં સામેલગીરી.
- ગ્રાહક સંતોષના આધારે ગુણવત્તાસભર સહાયની જોગવાઇ જે વ્યક્તિગત વૃદ્ધિ અને વિકાસને મહત્તમ બનાવે.
- નાણાંકીય રીતે જવાબદારી, અનૂકૂળ સેવા પદ્ધતિની સ્થાપના જે મેરીલેન્ડના નાગરિકો દ્વારા વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓની સેવા માટે ફાળવવામાં આવેલ સ્ત્રોતોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરે.

DDAનું ધ્યેય સામુદાયિક જીવનના દરેક તબક્કામાં વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ અને તેમના પરિવારોની સંપૂર્ણ હિસ્સેદારીની ખાતરી માટે નેતૃત્વ પૂરું પાડવાનો

છે. આ ઉપરાંત, DDAનું લક્ષ્ય વ્યકિતગત વૃદ્ધિ, આત્મનિર્ભરતા અને ઉત્પાદકતાના સંવર્ધન માટે જરૂરી ગુણવત્તાસભર સહાય અને સેવાઓના અભિગમન માટે તેમના સશક્તિકરણને ઉત્તેજન આપવાનો છે. વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી દરેક વ્યકિતને *સ્વ-નિર્ણાયકતાના ચાર સિદ્ધાંતો* અમલમાં મૂકી શકે તે માટે સશક્ત કરવા DDA પ્રતિબદ્ધ છે: (1) પસંદગી કરવાની સ્વતંત્રતા; (2) સેવાઓ અને સહાય પર અધિકાર; (3) સ્ત્રોતોના પ્રબંધનની જવાબદારી; અને (4) સમુદાયમાં જીવવા માટે જરૂરી સહાય

**પાત્રતા**

એવી કોઇપણ વ્યક્તિ સેવાની સંપૂર્ણ શ્રેણી માટે પાત્રતા ધરાવે છે જે તેને કે તેણીને ગંભીર લાંબા સમયની અક્ષમતા હોય જે:

- માનસિક બીમારી અથવા માનસિક અને શારીરિક ક્ષતિના સંયોજનના એકલ નિદાન સિવાય શારીરિક અથવા માનસિક ક્ષતિને કારણે હોય;
- વ્યક્તિ 22 વર્ષની વયની થાય તે પહેલા સ્પષ્ટ થઇ જાય;
- અનિશ્ચિત સમય સુધી ચાલુ રહેવાની સંભાવના હોય;
- બાહ્ય સહાય અથવા ચાલુ અને નિયમિત મદદ વગર સ્વતંત્ર રીતે રહેવાની અક્ષમતામાં પરિણમે;
- તે વ્યક્તિ માટે આયોજીત અથવા સંકલિત કરી હોય તેવી વિશિષ્ટ, ઇન્ટરડિસીપ્લીનરી, અથવા સામાન્ય સંભાળ, સારવાર અથવા અન્ય સેવાઓના સંયોજન અને ક્રમની જરૂરીયાત પ્રદર્શિત કરે. (હેલ્થ જનરલ 7-101 [e])

કોઇપણ વ્યક્તિ સહાય સેવાઓ માટે ત્યારે જ માન્ય છે કે જ્યારે તેને કે તેણીને ગંભીર લાંબા સમયની અક્ષમતા હોય જે:

a. માનસિક બીમારી અથવા માનસિક અને શારીરિક ક્ષતિના સંયોજનના એકલ નિદાન સિવાય શારીરિક અથવા માનસિક ક્ષતિને કારણે હોય

b. અનિશ્ચિત સમય સુધી ચાલુ રહેવાની સંભાવના હોય

(હેલ્થ જનરલ 7-403[c]

કોઇપણ વ્યક્તિએ DDA સેવાઓ માટે અરજી કરવી અને પાત્રતા ધરાવવી જરૂરી છે. જો કોઇ વ્યક્તિ DDA તરફથી સેવાઓ માટે પાત્રતા ધરાવવા નિર્ધારિત કરવામાં આવે તો, તે વ્યક્તિને નીચેનામાંથી એક સેવા શ્રેણીમાં મૂકવામાં આવશે. તેમને અરજદારને જે ક્રમમાં સેવાઓ મળશે તે મુજબ અગ્રિમતાના ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે:

- વર્ગ 1- સંકટ નિરાકરણ (ક્રાઇસિસ રેઝ્લ્યુશન)
- વર્ગ 2 - સંકટ નિષેધ (ક્રાઇસિસ પ્રિવેન્શન)
- વર્ગ 3 - વર્તમાન વિનંતી (કરન્ટ રિકવેસ્ટ)

**DDA દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓમાં નીચેનાંનો સમાવેશ થાય છે:**

- **હોમ એન્ડ કમ્યુનિટિ બેઝ્ડ સર્વિસિઝ વેઇવર (ઘર અને સમુદાય આધારિત સેવાઓમાં મુક્તિ)**: મેડિકએઇડ હોમ એન્ડ કોમ્યુનિટી -બેઝ્ડ સર્વિસીઝ (HCBS) વેઇવર કાર્યક્રમ સોશ્યલ સિક્યોરિટિ એક્ટની કલમ 1915(c)માં અધિકૃત છે. કાર્યક્રમ રાજ્યને ઘર અને સમુદાય આધારિત એવી સેવાઓની શ્રેણી પૂરી પાડવાની મંજૂરી આપે છે જે મેડિકએઇડ મેળવનારાઓને સમુદાયમાં જીવવામાં અને કોઇ સંસ્થામાં દાખલ થવાની ફરજ પડતી રોકવામાં મદદ કરે છે. વેઇવરની લક્ષ્ય રુપ જનતાની જરુરીયાતોને પૂરી કરવા માટે રાજ્ય પાસે તેનો વેઇવર કાર્યક્રમ તૈયાર કરવાની વિશાળ સત્તા છે. વેઇવર સેવાઓ મેડિકએઇડ સ્ટેટ પ્લાન અને અન્ય ફેડરલ, રાજ્ય અને સ્થાનિક જાહેર કાર્યક્રમો તેમજ પરિવારો અને સમુદાયો દ્વારા પૂરી પાડવામાં આવતી સહાય થકી તેમાં ભાગ લેનારાઓ માટે ઉપલબ્ધ સેવાઓને પૂરી કરે છે અને/અથવા તેમાં ઉમેરો કરે છે. એ વ્યક્તિઓ જેમને (ફક્ત સહાય સેવાઓની પાત્રતાને બદલે) સંપૂર્ણ પાત્રતા સ્થિતિની માન્યતા મળી હોય, જેમને ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ મેન્ટલ હાઇજીનના ડિવિઝન ઑફ એલિજીબિલિટી વેઇવર સર્વિસિઝ દ્વારા આ વેઇવર અંતર્ગત મેડિકએઇડ માટે માન્યતા મળી છે તે આ માટે પાત્ર છે .

- **ન્યુ ડિરેકશન્સ વેઇવર:** ન્યુ ડિરેકશન્સ વેઇવર, વ્યક્તિઓને તેમની ફિસ્કલ મેનેજમેન્ટ સર્વિસ (FMS) અને સપોર્ટ બ્રોકરેજનો ઉપયોગ કરી પોતાની અનેક સેવાઓ પર નિયંત્રણ કરવાની અનુકૂળતા કરી આપે છે. સપોર્ટ બ્રોકર વ્યક્તિને તેમના સેવાઓના પ્રબંધનમાં સહાય કરે છે અને વ્યક્તિને તેની પોતાની સેવાઓના પ્રબંધન માટે જરૂરી કૌશલ્ય મેળવવામાં સહાય કરે છે. સપોર્ટ બ્રોકરેજ સ્ત્રોત સંકલન (રિસોર્સ કોઓર્ડિનેશન)નું પૂરક છે જે સ્ત્રોત સંકલનના ઓવરઆર્ચિંગ આયોજન, સંદર્ભ અને ગુણવત્તાની ખાતરી કરવાની ફરજોની સરખામણીમાં વધુ રોજિંદા દૈનિક કાર્યક્રમના પ્રબંધન કાર્ય હાથ ધરે છે. ન્યુ ડાયરેકશન્સ દ્વારા ઉપલબ્ધ સેવાઓ એટલે એ સેવાઓ જે વ્યક્તિઓને તેમના પોતાના ઘરમાં અથવા પારિવારીક ઘરમાં સફળતાપૂર્વક રહેવા માટે જરૂરી છે. ગ્રાહક-કેન્દ્રિત સેવાઓમાં રીસ્પાઇટ, સહાયિત રોજગાર, રોજગાર શોધ અને કસ્ટમાઇઝેશન સર્વિસિઝ, સામુદાયિક તાલીમી સેવાઓ, સામુદાયિક સહાયિત જીવિકા વ્યવસ્થાઓ, પરિવહન, પર્યાવરણીય ઉપલબ્ધતા ફેરફારો, પારિવારીક અને વ્યક્તિગત સહાય સેવાઓ, ટ્રાન્ઝિશન  સેવાઓ, સપોર્ટ બ્રોકરેજ અને સહાયક ટેકનોલોજી અને એડેપ્ટીવ ઉપકરણોનો સમાવેશ થાય છે.

- **કમ્યુનિટી પાથવેઝ:** કમ્યુનિટી પાથવેઝ વેઇવર વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી વ્યક્તિને સંસ્થામાં ભરતી થવાના વિકલ્પની સામે ઘરમાં અથવા સમુદાયમાં રહેવામાં મદદ કરે છે. આ વેઇવર અંતર્ગત આપવામાં આવતી સેવાઓને "પરંપરાગત" સેવાઓ ગણવામાં આવે છે જેમાં જે તે વ્યક્તિ માટેના સર્વિસ ડોલર્સ સેવા પૂરી પાડતી એજન્સીને આપવામાં આવે છે। સેવાઓમાં સામેલ છે: દિવસનો વસવાટ અને લંબાવેલ દિવસનો વસવાટ (સહાયિત રોજગાર, રોજગાર શોધ અને કસ્ટમાઇઝેશન અને સામુદાયિક તાલીમ સહિત), સામુદાયિક રહેઠાણ સેવાઓ, સામુદાયિક સહાયિત જીવિકા વ્યવસ્થા, રિસ્પાઇટ, સ્ત્રોત સંકલન (કેસ મેનેજમેન્ટ), પર્યાવરણીય સુધારાઓ, પારિવારીક અને વ્યક્તિગત સહાય સેવાઓ, ટ્રાન્ઝિશન સેવાઓ, તબીબી દિવસ સંભાળ અને એડેપ્ટીવ ઉપકરણ અને સહાયક ટેકનોલોજી.

- **એમ્પ્લોયમેન્ટ ફર્સ્ટ**: DDA સેવાઓ એ માન્યતા પર ચલાવવામાં આવે છે કે જો તક, તાલીમ અને વ્યક્તિની ક્ષમતાનું નિર્માણ કરે તેવી અન્ય સહાય આપવામાં આવે તો વિકાસ સંબંધી અક્ષમતા ધરાવતી બધી જ વ્યક્તિઓ કામ કરી **શકે** છે. સેવાઓ સૌથી સંકલિત વાતાવરણમાં પૂરી પાડવામાં આવે છે અને તે વ્યક્તિ-કેન્દ્રિત વિસ્તૃત આયોજન પ્રક્રિયા થકી વિકસાવવામાં આવે છે જે સૌથી સંકલિત ગોઠવણનું મૂલ્યાંકન કરે છે અને સામુદાયિક સંકલનમાં વર્તમાન સીમાઓના ધ્યેયનો ઉપાય શોધે છે.

  **નોંધ**: *DDA સેવાઓ મેળવતી, કામ કરવાની વય (16-64)ની તમામ વ્યક્તિઓ માટે રોજગાર "પ્રથમ" વિકલ્પ રહેશે.*

- **ગવર્નરનો ટ્રાન્ઝીશનિંગ યુથ ઇનિશિએટીવ(સ્થાનાન્તરની ઉંમરના યુવાનો માટે પહેલ)**: ગવર્નરના ટ્રાન્ઝીશનિંગ યુથ ઇનિશિએટીવ (GTYI)ની રચના 1989માં એ પ્રદર્શિત કરવા માટે થઇ હતી કે અતિ ગંભીર અક્ષમતા ધરાવતી વ્યક્તિઓ શાળા છોડ્યા બાદ કામ કરી શકે છે અને મેરીલેન્ડ ભાવિમાં ફાળો આપી શકે છે. ટ્રાન્ઝીશનિંગ યૂથ પાત્રતાની વિશિષ્ટ શ્રેણી અને સેવાઓની અગ્રિમતા ધરાવે છે. ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસીઝ (DORS) સાથે જોડાણ દ્વારા DDA ગવર્નરના ટ્રાન્ઝીશનિંગ યૂથ ઇનિશિએટીવ થકી અન્યથા જેમને DDA સેવાઓ મળવાપાત્ર ન હોય તેવા પાત્રતા ધરાવતા સ્નાતક થઇ રહેવા વિદ્યાર્થીઓ માટે સહાયિત રોજગારને ફંડ આપી શક્યા છે. કોઇપણ વ્યક્તિ માટે ગવર્નર્સ ટ્રાન્ઝીશનિંગ યૂથ ઇનિશિએટીવ(GTYI) પાત્રતા ધરાવવા માટે, તેણે અથવા તેણીએ *વિકાસ સંબંધી રીતે અક્ષમ તરીકે સંપૂર્ણ રીતે પાત્રતા* ધરાવવી જરૂરી છે. *ઉપરાંત, વિદ્યાર્થી તેની/તેણીની 21મી વર્ષગાંઠથી તેની/તેણીની 22મી વર્ષગાંઠ સુધી પાત્રતા ધરાવે છે. જો સ્નાતક થવાની તારીખ વ્યક્તિની 21મી વર્ષગાંઠ બાદ હોય તો, સ્નાતક થયાની તારીખ બાદ એક વર્ષ સુધી તે પાત્રતા ધરાવવાનું ચાલુ રાખશે.*

  GTYI દ્વારા ઉપલબ્ધ સેવાઓ વૈવિધ્યસભર સેવાઓ નથી જેમાં રોજગાર મેળવવા માટે વ્યક્તિએ વિકાસ કરવો જરૂરી છે. સેવાઓને સૌથી સંકલિત સેવા પહેલા એ મુજબની શ્રેણીમાં ગોઠવવામાં આવી છે.

  - ***સહાયિત રોજગાર સેવાઓ*** સમુદાય-આધારિત સેવાઓ છે જે વ્યક્તિને રોજગારની શોધ અને જાળવણીમાં અથવા સમુદાયમાં તેમનો પોતાનો વેપાર સ્થાપવામાં સહાય કરે છે. સહાય, મોટાભાગે જોબ કોચની સહાય દ્વારા, વ્યક્તિની જરૂરીયાત અનુસાર તીવ્રતામાં અલગ અલગ હોય છે. સહાય ચાલુ હોઇ શકે છે અથવા સમયાંતરે ઘટતી જાય છે. મોડેલ્સમાં સ્વ-રોજગાર, વ્યક્તિગત રોજગાર અને સમૂહ રોજગારનો સમાવેશ થાય છે (એટલે કે એન્કલેવ અથવા મોબાઇલ ક્રૂ). આ સેવા ન્યુ ડિરેકશન્સ વેઇવર અંતર્ગત સ્વ-પ્રેરીત હોઇ શકે છે.

  - ***રોજગાર શોધ અને કસ્ટમાઇઝેશન સેવાઓ*** સમય-મર્યાદિત, સમુદાય આધારિત સેવાઓ છે (3 મહિનાનો ગાળો) જેની રચના વ્યક્તિને વ્યાજબી વેતન મળે તેવા એકીકૃત રોજગારના સ્થળે સ્પર્ધાત્મક રોજગાર મેળવવામાં વ્યક્તિને સહાય કરવા માટે શોધવા, કસ્ટમાઇઝેશન અને તાલીમ પ્રવૃત્તિઓ પૂરી પાડવા માટે કરવામાં આવી છે. સેવાઓમાં સામેલ છે, : સમુદાય આધારિત પરિસ્થિતિકીય આકારણીઓ, રોજગાર વિકાસ, રોજગાર અને કાર્ય મૂલ્યાંકન પ્રવૃત્તિઓ, રોજગાર તાલીમ, કાર્ય

કૌશલ્ય તાલીમ, કાર્ય મટેરિયલમાં સુધારણા, કાર્યવાહીઓ, અને આચારસંહિતા વગેરે, પણ તે આના સુધી મર્યાદિત નથી. આ સેવા ન્યુ ડિરેક્શન્સ વેઇવર અંતર્ગત સ્વ-પ્રેરિત હોઇ શકે છે.

- o ***સામુદાયિક તાલીમ સેવાઓ*** સમુદાય આધારિત સેવાઓ છે જે રોજગાર મેળવવામાં, સાનૂકૂળ વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી કૌશલ્ય અને સામાજીક સહાય વિકસાવવામાં મદદ કરે છે અને પ્રવૃત્તિઓ, ખાસ સહાય અને શિક્ષણ પૂરું પાડે છે. સેવાઓ ખૂબ વ્યક્તિગત હોય છે અને તેમાં સમાવિષ્ટ છે:સ્વ-નિર્ણય/સ્વ-સહાય તાલીમ; વર્કશોપ અને વર્ગો ભરવા માટે સહાય, સાથી માર્ગદર્શન, સ્વયંસેવી પ્રવૃત્તિઓ, આરોગ્ય અને સમાજમાં ભળવાને પ્રોત્સાહન આપે તેવી પ્રવૃત્તિઓ, વગેરે પરંતુ તેમના સુધી મર્યાદિત નથી. ન્યુ ડિરેક્શન્સ પ્રોગ્રામ અંતર્ગત આ સેવા સ્વ-પ્રેરિત હોઇ શકે છે.

- o ***પરંપરાગત દિવસ વસવાટ*** સેવાઓ સુવિધા-આધારિત સેવાઓ છે જેની રચના મોટર, સંવાદિતા, વ્યક્તિગત સફાઇ, અને આનંદ કૌશલ્ય અને સામુદાયિક સંકલનને વધારવા અથવા જાળવી રાખવા માટે તૈયાર કરાયેલ પ્રવૃત્તિઓ પૂરી પાડવા માટે કરવામાં આવી છે.

- ***ટિકીટ ટુ વર્ક પ્રોગ્રામ:*** ટિકીટ ટુ વર્ક અને સેલ્ફ-સફિશ્યન્સી પ્રોગ્રામ અક્ષમતા ધરાવતી એવી વ્યક્તિઓ માટે રોજગાર કાર્યક્રમ છે, જેમને કામ કરવામાં રસ છે. ટીકીટ ટુ વર્ક પ્રોગ્રામ અંતર્ગત, સોશ્યલ સિક્યોરિટિ એડમિનિસ્ટ્રેશન (સામાજિક સુરક્ષા વહીવટ) અક્ષમતા ભથ્થું મેળવનારાઓને *ટીકીટ* આપે છે જે સફળ રોજગાર માટે જરૂરી સેવાઓ અને સહાય મેળવવા માટે ઉપયોગમાં લઇ શકાય છે.

**વધુ માહિતી માટે અથવા સેવાઓ માટે અરજી કરવા માટે:**
www.ddmaryland.org
1-877-468-3464

સોશ્યલ સિક્યોરિટિ એડમિનિસ્ટ્રેશન સહાયિત રોજગાર સહાયતા:
www.socialsecurity.gov/work/
1-800-772-1213

ટિકીટ ટુ વર્ક પ્રોગ્રામ :
www.yourtickettowork.com/

## *2. ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસીઝ (ડીઓઆરએસ)*

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસીઝ, નોંધપાત્ર અક્ષમતા ધરાવતી વ્યક્તિઓના રોજગાર, સ્વતંત્રતા અને આત્મનિર્ભરતા પ્રોત્સાહન આપી મેરીલેન્ડમાં વ્યવસાયિક પુન:વસન કાર્યક્રમ ચલાવે છે. નોંધપાત્ર અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સેકન્ડરી શાળામાંથી રોજગાર, પોસ્ટ-સેકન્ડરી શિક્ષણ અને/અથવા વ્યવસાયિક તાલીમ તરફ સ્થાનાંતરણ કરે ત્યારે તેમને અસરકારક કાર્યક્રમ અને સેવાઓ પૂરી પાડવાને મહત્તમ અગ્રિમતા આપે છે અને સ્થાનિક શાળા પદ્ધતિ, અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ, સામુદાયિક કાર્યક્રમો અને પરિવારના સભ્યો સાથેની તેમની ભાગીદારીની કદર કરે છે. મેરીલેન્ડના પ્રત્યેક સ્થાનિક શાળા ડિસ્ટ્રીક્ટ સાથે અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સેવાઓની જોગવાઈની સ્પષ્ટતા અને સુવિધા માટે DORS કરારબદ્ધ છે.

ઓફિસ ઓફ ફિલ્ડ સર્વિસીઝ, ઓફિસ ફોર બ્લાઈન્ડનેસ એન્ડ વિઝન સર્વિસીઝ અને વર્કફોર્સ એન્ડ ટેકનોલોજી સેન્ટર દ્વારા DORS કાર્યક્રમ અને સેવાઓ પૂરી પાડે છે.

- **DORS સ્ટાફ**: અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સાથે કામ કરવામાં નિષ્ણાત પુન:વસન સલાહકારો સમગ્ર મેરીલેન્ડમાં આવેલી DORS કચેરીઓમાં આવેલા છે. મેરીલેન્ડમાં દરેક સેકંડરી શાળાને એક DORS ટ્રાન્ઝિશન સલાહકાર સોંપવામાં આવેલ છે અને તેમણે શાળાના કર્મચારીઓ સાથે ગાઢ રીતે સંકળાઈને કામ કરવાનો સંબંધ પ્રસ્થાપિત કર્યો છે, જેમાં ઘણી વખત ટ્રાન્ઝિશન કોઓર્ડિનેટર અને ખાસ શિક્ષણ શિક્ષકોનો સમાવેશ થાય છે. DORSના કર્મચારીઓ વિદ્યાર્થીઓ અને પરિવારોને ટ્રાન્ઝિશન મેળાઓ અને અન્ય યોગ્ય શાળામાં પ્રસંગોમાં માહિતી પૂરી પાડે છે. ટ્રાન્ઝિશન સલાહકારો સામાન્ય રીતે તેઓ શાળા પૂરી થવાના છેલ્લેથી બીજા વર્ષના પ્રારંભના સમયે નોંધપાત્ર અને અત્યંત નોંધપાત્ર અક્ષમતા ધરાવતા વિદ્યાર્થીઓ સાથે સીધું કામ કરવાનું શરુ કરે છે. તેઓ સેવાઆ માટે યોગ્યતા અને સેવાની અગ્રિમતા નક્કી કરવા યોગ્ય હોય તે રીતે વિદ્યાર્થીઓ અને પરિવારના સભ્યો સાથે કામ કરે છે અને ત્યારબાદ રોજગાર સેવાઓ માટેની યોજના તૈયાર કરે છે, જેમાંની કેટલીક વિદ્યાર્થી શાળામાં જ હોય ત્યારે અને કેટલીક શાળા પૂર્ણ થયા બાદ પૂરી પાડવામાં આવે છે.

- **સેવાઓ માટેની યોગ્યતા અને સેવાની અગ્રિમતાઃ** ફેડરલ કાયદા અનુસાર, વ્યક્તિગત DORS વોકેશનલ રિહેબિલિટેશન (VR) કાર્યક્રમ માટે યોગ્ય છે કે જો તેઓ (1) શારીરિક અથવા માનસિક અક્ષમતા ધરાવતા હોય, જે રોજગારમાં *નોંધપાત્ર* અવરોધનો કરતી હોય કે તેમાં પરિણમતી હોય, (2) રોજગારના પરિણામોના સંદર્ભમાં સેવાઓથી તેમને લાભ થતો હોય, અને (3) રોજગાર મેળવવા માટે વ્યવસાયિક પુન:વસવાટ સેવાની જરુરીયાત હોય. સ્ત્રોતોની મર્યાદાને કારણે, DORS ફક્ત "નોંધપાત્ર" અથવા "અત્યંત નોંધપાત્ર" અક્ષમતા ધરાવતા વ્યક્તિગતોને સેવા પૂરી પાડે છે. આ એવી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જેને સમયના વિસ્તરિત ગાળા ઉપરાંત અસંખ્ય સેવાઓની જરુર હોય અને જેમની અક્ષમતા ગંભીર રીતે એક અથવા વધુ કામ કરવાની ક્ષમતાઓ જેમ કે હેરફેર, સ્વ-સભાળ, સ્વ-માર્ગદર્શન, આંતરવ્યક્તિગત કુશળતાઓ, કામ સહનશીલતા અને કાર્ય કુશળતામાં અવરોધ ઉભી કરતી હોય. આ ઉપરાંત પણ સેવાઓની યાદી હોઇ શકે છે.

- **સેવાઓ માટે રેફરલ** નોંધપાત્ર અને અત્યંત નોંધપાત્ર અક્ષમતા સાથેના વિદ્યાર્થીઓ (1) વિશિષ્ટ શિક્ષણમાં, (2) 504 યોજનાઓ સાથે અથવા (3) નોંધપાત્ર આરોગ્ય અક્ષમતા ધરાવનારાઓને તજજ્ઞ પાસે મોકલવા જોઇએ જો તેઓ:

  1) રોજગારીનું લક્ષ્ય ધરાવતા હોય
  2) ઉપર દર્શાવેલ ઓછામાં એક કાર્ય વિસ્તારમાં ગંભીર અવરોધ હોવાનું પ્રદર્શિત કરતા હોય (જુઓ *એલિજીબીલિટિ એન્ડ પ્રાયોરિટી સર્વિસીઝ*).

  *નોંધ:* જો વિદ્યાર્થીઓ સપ્લીમેન્ટલ સિક્યોરિટી ઇન્કમ (SSI) અથવા સોશ્યલ સિક્યોરિટી ડિસેબિલીટી ઇન્શ્યોરન્સ (SSDI) મેળવતા હોય તેઓ VR સેવાઓ માટે યોગ્ય હોવાનું અને નોંધપાત્ર અક્ષમતા ધરાવે છે તેવું અગાઉથી માની લેવામાં આવે છે અને જો તેમનું લક્ષ્ય રોજગાર હોય તો તેમનું રેફરલ કરાવું જોઇએ.

  વિદ્યાર્થીઓનો રેફરલ ન કરાવું જોઇએ જો તેઓ:

  - DORS પાસેથી રોજગાર સેવાઓ મેળવવામાં રસ ધરાવતા ન હોય
  - નજીવી અક્ષમતા ધરાવતા હોય કે જે *ગંભીર* રીતે કામ કરવાની ક્ષમતાઓમાં અવરોધ ઉભી કરતી ન હોય અને જેઓ પોસ્ટસેકન્ડરીના શિક્ષણમાં પ્રવેશવા અને/અથવા/યોગ્ય હોય, અને નજીવા ફેરફારો સાથે રોજગાર માટે સક્ષમ હોય.

- **રેફરલનું સમયમાળખું અને તેની રીતે**: મોટા ભાગના કિસ્સાઓમાં DORS ટ્રાન્ઝિશન કરતા વિદ્યાર્થીઓ સેકંડરી શિક્ષણના છેલ્લેથી બીજા વર્ષનો પ્રારંભ કરતા હોય તે દરમિયાન તેમની સાથે કામ કરવાનો પ્રારંભ કરે છે. જો કોઇ ચોક્કસ વિદ્યાર્થી માટે વહેલા શરૂ કરવાનું ચોક્કસ કારણ હોય તો, અપવાદને ધ્યાનમાં રાખી શકાય. શાળાના કર્મચારીઓ નિમવામાં આવેલા DORS સલાહકાર સાથે વિદ્યાર્થીઓના રેફરલનું સંકલન કરશે. રેફરલ સાથે શાળા જે માહિતી પૂરી પાડે છે (જેમ કે માહિતીનું મૂલ્યાંકન, એગ્ઝિટ ડોક્યુમેન્ટ, ઇન્ડિવિજ્યુલાઇઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (IEP) અથવા 504 યોજના) તે યોગ્યતા નિર્ધારણમાં એ ઇન્ડિવિજ્યુલાઇઝ્ડ પ્લાન ફોર એમ્પ્લોયમેન્ટ (IPE)ના વિકાસમાં સહાયરૂપ થાય છે.

